



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલેઆઈપીએલ-૨૦૨૨ ક્રિકેટ ટુર્નામેન્ટની વિજેતા ટીમ 'ગુજરાત ટાઇટન્સ'ના ખેલાડીઓને મુખ્યમંત્રી નિવાસે આમંત્રીત કરી ગુજરાતની જનતા - જનાર્દન વતી ભાવભર્યું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ યુવા, રમત-ગમત અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષદભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં વિજેતા ખેલાડીઓને પાટણના પરંપરાગત પટોળા ભેટ આપી તેમનું સ્વાગત કર્યું હતું, ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ સૌ ખેલાડીઓ સાથે સાથે વાર્તાલાપ કર્યો હતો. આ અભિવાદન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાત ટાઇટન્સ ટીમે તેની ડેબ્યૂ ટુર્નામેન્ટમાં વિજેતા બની સૌ ગુજરાતીઓને ગૌરવ અપાવ્યું છે. ગુજરાત ટાઇટન્સ ટીમને વિજેતા બનતા જોઇને દરેક ગુજરાતીની છાતી ગર્વથી ફુલી જાય તેવો માહોલ ફાઇનલ મેચમાં સર્જાયો હતો. ગુજરાત ટાઇટન્સ ટીમના ખેલાડીઓએ સોશિયલ કોઝ માટેની પ્રસંશનીય પહેલ કરતા ટીમના બધા જ ખેલાડીઓના હસ્તાક્ષર કરેલું 'બેટ' મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આપ્યુ હતું. આ બેટની હરાજી વેચાણમાંથી થનારી આવક રાજ્યની દિકરીઓના શિક્ષણ - કન્યા કેળવણી માટે વપરાશે. અભિવાદન સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# યુવાનોને માર્ગદર્શન સાથે સાચો વિચાર મળવો જોઈએ : પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી

## આર્ષ અંતર્ગત 'યુવા માનસનો M.R.I. 'યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ' વિષય ઉપર ૯૯મું પ્રવચન યોજાયું




ગાંધીનગર, તા. ૩૦

'આર્ષ' શોધસંસ્થાન અક્ષરધામ અંતર્ગત સામાજિક સમસ્યા અંગે 'યુવા માનસનો M.R.I. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ)' વિષય પર ૯૯માં પ્રવચનનું આયોજન તા. ૨૮-૫-૨૦૨૨ ના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૦૦ સમય દરમ્યાન થયું હતું. આ પ્રવચનમાં વિદ્વાન સંત પૂ. જ્ઞાનનયનદાસ સ્વામી, સ્વામિનારાયણ વેદાંતાચાર્ય, બીએપીએસ સંસ્કૃત મહાવિદ્યાલય, (સારંગપુર) વકતવ્યનો લાભ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'યુવા માનસનો M.R.I. (યુવાનોની સમસ્યાઓ અને ઉકેલ)' વિષય પર પ્રકાશ પાડતાં પૂ. જ્ઞાનનયનદાસ સ્વામીએ જણાવ્યું હતું કે યુવાનની વાત કરવામાં આવે એટલે આપણા મનમાં સહેજે જેનું મનોબળ દ્રઢ હોય, જેનામાં સાહસ હોય એવું ચિત્ર ઉપસી આવે. આજના બધા આધુનિક લેખકોને યુવાનીની ચિંતા છે. કહે છે કે આજના યુવાનો વડીલોને આદર આપતા નથી. તેઓ ૨૭૦૦ વર્ષથી યુવાનોને કોસી રહ્યા છે. આજના યુવાનોને જોઈએ ત્યારે ઘણે અંશે આ ચિંતા સાચી લાગે છે. એટલા માટે યુવા માનસને સમજવું જરૂરી છે.

યુવાવસ્થા એટલે ઉર્જાનો ભંડાર, સંવેદનાનો ભંડાર. ૧૯ વર્ષના યુવાને ચાકુના ૩૩ ઘા ઝીંકીને માતા-પિતા અને બહેનની હત્યા કરી, આવા તો કઈ કેટલાય પ્રસંગો સમાચારપત્રોમાં દરરોજ જોવા મળે છે. તો સમસ્યા શું છે? જેમાં અવસ્થાનો પ્રભાવ, ઈન્ટરનેટ અને ટીવીનો પ્રભાવ વધુ જોવા મળે છે. માતા-પિતા બંને નોકરી કરતા હોય, યુવાન એકાંત અનુભવતો હોય અને આખો દિવસ ટેલીવિઝનમાં જાતજાતના દશ્યો જોતો હોય છે. તે પણ ઘણે અંશે કારણભૂત છે.

આજનો યુવાન કેમ કરી ૨ જીબી ડેટા પૂર્ણ કરવો તેવું વિચારે છે. એને લીધે ન જોવાનું જોયા કરતો હોય છે. પહેલા એકલું ટીવી હતું જે ફેમીલી સાથે જોવાતું પરંતુ અત્યારે મોબાઈલનો યોગ છે તેમાં પણ ઓટીટી યુગમાં એકલા જોવાનું વધ્યું છે. હવે ફેમીલીમાં વાર્તાલાપ બંધ થઈ ગયો છે. ગુનાખોરી કરી તેના પુરાવોઓનો નાશ કેમ કરવો તે માટેના પ્રયત્નો ઈન્ટરનેટના માધ્યમથી યુવાનો શોધી લે છે.

ઓનલાઈન ન્યૂઝમાં ક્યારેય ન્યુઝ પૂરા જ ન થાય. તેની વચ્ચે કંઈ કેટલુંએ આવી જાય જે ન જોવાનું હોય તે જોવાય જાય છે અને સમય વેડફાઈ જાય છે. આવા વાતાવરણની અંદર આજના યુવાનો સપડાયેલા છે.

બીજી વાત કોમ્પીટીશન અને કારકીર્દીની ચિંતા યુવાનોને સતત રહ્યા કરે છે. હું મિકેનીકલ એન્જિનીયર છું, એમ.બી.એ. છું, હું નાની નોકરી ન કરું. ત્રીજી સમસ્યા છે વ્યસનની. જે વ્યસનો થાય છે તેમાં ૭૫ ટકા ૧૪ થી ૩૦ વર્ષના યુવાનો કરે છે. ભારતમાં ૨૬.૭ કરોડ લોકો તમાકું ખાય છે. પૈસાની બરબાદી સાથે શરીરની બરબાદી કરી કેન્સર જેવા રોગોને નોતરે છે. બધા જ કરે છે અને આપણે ન કરીએ એટલે આપણને ખરાબ લાગે છે. અને એ લોકો સાથે મેચ થવા માટે તે ખરાબ રસ્તા પસંદ કરે છે.

તો પ્રશ્ન એ છે કે આ બધા પ્રશ્નોમાંથી યુવાન કેવી રીતે બહાર નીકળી શકે? કયો સિદ્ધાંત છે કે યુવાનો આ સમસ્યાઓમાંથી બહાર લાવી શકે? તો પ્રથમ યુવાનોને યોગ્ય દિશા મળતી નથી. હેતુ નથી, સમયનું આયોજન નથી, એક લક્ષ્ય, રાજીપાનો વિચાર હોવો જોઈએ. સમય ઘણો છે પરંતુ મોબાઈલ બધો સમય ખાય જાય છે. બીજુ છે જાગૃતિનો અભાવ. જ્ઞાન બધુ છે, પણ જાગૃતિ નથી.

# ગુડા દ્વારા પ્રિમોન્સુન એક્ટીવિટી આરંભાઈ

## ગુડા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા માટે કુંડીઓની સફાઇ કરવાનુ શરૂ : વરસાદી દિવસોમાં ન્યુ ગાંધીનગરમાં રહીશોને ઓછી હાલાકી વેઠવી પડે તે માટે ગુડાએ પ્રિમોન્સુન એક્ટીવિટી શરૂ કરી

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના સેકટરોની જેમ નવ વિકસિત વિસ્તારમાં પણ પાણીની લાઇન સંદર્ભે ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જેના લીધે ન્યુ ગાંધીનગરના રહીશો પણ રોજબરોજ નતનવી સમસ્યાથી પરેશાન છે. જયારે વરસાદી દિવસો દરમિયાન પાણીના નિકાલને અનુલક્ષી ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં કુંડીઓની સફાઇ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેના લીધે વરસાદમાં પાણીના ભરાવાની સમસ્યાથી સ્થાનિકોએ હાલાકી વેઠવી ન પડે તે મુજબ પણ પ્રિમોન્સુન સંબંધિત કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે.

નવા ગાંધીનગર વિસ્તારમાં સ્થિત વિવિધ નગર રચના યોજના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલને અનુલક્ષી હાલ કેચ પીટ અલબત્ત કુંડીઓની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વરસાદી દિવસો પુર્વે જ આ કામગીરી પુર્ણ કરી દેવાશે જેથી વરસાદી પાણીનો ભરાવો અટકાવી શકાય. મહાનગર પાલિકના વિસ્તારમાં સમાવિષ્ટ સોસાયટીઓના રહીશો હાલમાં ધમધમતી માળખાગત સુવિધા સહીતની અનેકવિધ કામગીરીના લીધે પરેશાની ભોગવી રહ્યા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. પાણીની નવી લાઇન પણ નાંખવામાં આવી રહી છે. જયારે આ કામગીરી અન્વયે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેથી પાણી અને વિજળી સહીત ગેસ લાઇનમાં પણ વારંવાર ડખો થાય છે. જયારે ગરમીના દિવસોમાં પણ પાણીની હાલ કાર્યરત લાઇન પણ ડિસ્ટર્બ થાય છે. આ ખોદકામના અંતે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં માર્ગોની હાલત પણ ઉબડ ખાબડ બની છે. આ સ્થિતિને ધ્યાને લઇને આગામી ચોમાસામાં નતનવી સમસ્યાઓ ઉભી થશે જયારે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાવાની હોવાના સંકેત પહેલેથી જ મળી રહ્યા છે. ત્યારે વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે ગુડા દ્વારા વિશેષ તકેદારી રાખી પુર્વ આયોજન કરાયુ છે. જેમાં ટી પી સ્કીમ નં ૪ , ૬, ૭ ,૮ અને ૯ ઉપરાંત ટી પી ૧૩ અને ૧૯ ના વિસ્તારમાં કેચ પીટની સફાઇ કરવાનુ આયોજન કરાયુ છે.

જયારે આ સફાઇ કામ શરૂ પણ કરી દેવાયુ છે. ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર ટી પી સ્કીમ નં -૪ ના કુડાસણ, ધોળાકુવા વિસ્તાર ટી પી સ્કીમ નં-૬ના કુડાસણ, સરગાસણ અને ધોળાકુવા વિસ્તાર, ટી પી સ્કીમ નં -૭ ના સરગાસણ, કુડાસણ અને પોર વિસ્તાર ટી પી સ્કીમ નં -૮ ના સરગાસણ વિસ્તાર તેમજ ટી પી સ્કીમ નં-૯ વાસણા હડમતિયા સરગાસણ, ઉવારસદ, તારાપુર તેમજ વાવોલ વિસ્તાર ઉપરાંત ટી પી સ્કીમ નં -૧૩ ના વાવોલ વિસ્તાર ટી પી ૧૯ ના રાયસણ, કુડાસણ કોબા સહીતના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઇનમાં બાંધવામાં આવેલી કુંડીઓની સફાઇ કરવા તંત્ર કામે લાગ્યુ છે.

# આજે મહાત્મા મંદિર ખાતે રાજ્ય કક્ષાનું "ગરીબ કલ્યાણ સંમેલન"

ગાંધીનગર, તા.૩૦

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ હિમાચલપ્રદેશના શિમલા ખાતેથી કેન્દ્ર સરકારની લોકોપયોગી યોજનાઓના લાભાર્થીઓ સાથે "ગરીબ કલ્યાણ સંમેલન" અંતર્ગત યોજાનાર કાર્યક્રમની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, આવતી કાલે તા.૩૧ મે-૨૦૨૨ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો વર્ચ્યુઅલ સંવાદ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજ્યના ૩૨ જિલ્લાઓ તથા તમામ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતેથી યોજાનાર આ કાર્યક્રમમાં પાંચ કેન્દ્રિય મંત્રીશ્રી, રાજ્ય સરકારના તમામ મંત્રીશ્રી તથા તમામ સંસદ સભ્યશ્રી પણ લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે. રાજ્યના તમામ જિલ્લાઓને આવરી લેતા આ સૌથી મોટા રાષ્ટ્રવ્યાપી સંવાદ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મહેસાણા જિલ્લાના કેટલાક લાભાર્થીઓ સાથે પણ વર્ચ્યુઅલ વાતચીત કરશે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય કેન્દ્ર સરકારની મહત્વપૂર્ણ તમામ યોજનાઓનો લાભ નાગરિકોને ખુબ જ સરળતાથી મળે અને છેવાડાના લાભાર્થીને પણ યોજનાના દાયરામાં આવરી લેવાનો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી "કિસાન સન્માન નિધિ"નો ૧૧માં હપ્તો ખેડૂત લાભાર્થીના બેંક ખાતામાં જમા કરશે. આ યોજના અંતર્ગત આવતી કાલે વડાપ્રધાનશ્રી રૂ.૨૧ હજાર કરોડ સમગ્ર દેશના અંદાજે ૧૦ કરોડ ખેડુતોના સીધા બેંક ખાતામાં જમા કરશે. જેમા ગુજરાતના ૫૮.૪૦ લાખ ખેડુતોના બેંક ખાતામાં રૂ.૧૧૬૮.૦૮ કરોડ જમા થશે.

મંત્રીશ્રી વાઘાણીએ જણાવ્યું કે, દેશની સ્વતંત્રતા તથા શહીદ વીરોની યાદમાં સમગ્ર રાષ્ટ્ર "આઝાદીના અમૃત મહોત્સવની" ઉજવણી કરી રહ્યું છે ત્યારે આ મહત્વપૂર્ણ પ્રસંગના ભાગરૂપે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારત સરકારના નવ મંત્રાલયો/વિભાગોને સંલગ્ન અંદાજે ૧૩ યોજનાઓના લાભાર્થીઓ સાથે આવતી કાલ તા. ૩૧ મે, ૨૦૨૨ના રોજ શિમલા, હિમાચલ પ્રદેશથી સંવાદ કરશે.

# આત્મન ફાઉન્ડેશનની 'રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ' શિબિરનો શુભારંભ



ગાંધીનગર, તા. ૩૦

બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી તથા વિવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા વેકેશનમાં બાળકો સમયનો સરસ ઉપયોગ કરી, નવું કૈંક શીખે તે હેતુથી એક શિબિરનું માણસામાં આયોજન કરવામાં આવ્યું છે.ખાસ તો વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયક અભિરુચિ વિકસે, વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુથી રાજમાતા દેવકુંવરબા હાઈસ્કૂલ, માણસામાં ત્રણ દિવસની શિબિરનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

રમતાં રમતાં વિજ્ઞાન શીખીએ, જ્ઞાન સાથે ગમ્મતની આ શિબિરમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના અનિલભાઈ પટેલે આજે બાળકોને જીવનમાં વિજ્ઞાનનું મહત્વ, ક્યાં કઈ રીતે વિજ્ઞાનના નિયમો કામ કરે છે, શરીરના વિવિધ અંગો - ઈન્દ્રિયો સાથે પણ વિજ્ઞાન જોડાયેલું છે, અવકાશ વિજ્ઞાન - વિવિધ ઉપગ્રહો, થ્રી ડી ઈફેક્ટ, વિવિધ સાઉન્ડ ઈફેક્ટ, રોકેટરી સાયન્સ -- એમ જુદા જુદા વૈજ્ઞાનિક સાધનો, નિયમોની સમજ આપી હતી, સાથે પ્રેક્ટિકલ નિદર્શન દ્વારા પણ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

શિબિર આયોજન આત્મન ફાઉન્ડેશન, ગુજકોસ્ટ પ્રેરિત,નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર અને રાજમાતા દેવકુંવરબા હાઈસ્કૂલ, માણસા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ આ શિબિર ચાલશે. આજે પ્રથમ દિવસ હતો. શરૂઆતમાં બાળકોએ સરસ પ્રાર્થના રજૂ કરી હતી. પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ સહુને આવકારી ભૂમિકા બાંધી હતી.આ પ્રસંગે પ્રજ્ઞાબેન પટેલ હાર્દિકભાઈ મકવાણા, શિવાંગભાઈ પટેલ( ગાંધીનગર), શાળાના આચાર્ય લક્ષ્મણસિંહ રાવ, પ્રાથમિક શાળાના આચાર્ય પ્રદીપસિંહ વાઘેલા વગેરે સહભાગી થયા હતા.

# દેશમાં મોદીએ પી.એમ.કેર્સ ફોર ચિલ્ડ્રન યોજનાને ખુલ્લી મુકી

ગાંધીનગર, તા. ૩૦

કોવિડ દરમ્યાન મા-બાપની છત્ર છાયા ગુમાવેલ સંતાનોને હુંફ આપવા અને આર્થિક મદદ કરવાના ઉમદા આશયથી સમગ્ર દેશમાં ભારત સરકાર દ્વારા પી.એમ.કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના અમલી બનાવવામાં આવી છે. આજરોજ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાને ખુલ્લી મુકી હતી. આ યોજનાનો લાભ લેનાર તમામ બાળકો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી વાત કરી હતી. ગાંધીનગર ખાતે આ કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. ગાંધીનગર જિલ્લાના ૫ બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ બાળકો ૨૩ વર્ષના થશે ત્યારે તેમના ખાતામાં રૂપિયા ૧૦ લાખની સહાય જમા થશે.

આ યોજનાનો લાભ લેનાર બાળકો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ બાળકો સાથે બાળકોના પરિવારના સભ્ય હોય તેમ વાત કરી હતી. તેમણે તેમના પ્રવચનમાં બાળકોને હુંફ સાથે જીવન જીવવાનું બળ આપ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ સમારંભમાં ગાંધીનગર જિલ્લાના પાંચ બાળકોને દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કિટમાં પ્રધાનમંત્રીનો સ્નેહ સંદશો, પી.અમે.કેર્સ ચિલ્ડ્રન યોજનાનું પ્રમાણપત્ર, સ્કૂલબેગ, કંપાસ બોક્ષ, વોટર બોટલ, ડ્રોઈંગ બુક, પોસ્ટ ઓફિસની પાસબુક, અને આયુષમાન કાર્ડ આપવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત બાળકને કેન્દ્ર સરકાર દ્વારા પી.એમ.કેર્સ ફોર ચિલ્ડ્રન યોજનામાં પોસ્ટ એકાઉન્ટમાં બાળક - ૨૩ વર્ષની ઉંમરે થતા દરેક બાળકને રૂપિયા ૧૦ લાખની સહાય આપવામાં આવશે. આ યોજના અંતર્ગત દરેક બાળકના પોસ્ટ ખાતમાં કેન્દ્ર સરકાર દ્વારા ડી.બી.ટી દ્વારા જમા કરવામાં આવી છે. દરેક બાળકને કેન્દ્ર સરકારની સ્પોન્સરશીપ યોજના અંતર્ગત માસિક ૨ હજાર તથા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના રૂપિયા ૪ હજાર અને રાજય સરકારની પાલક માતા-પિતા યોજના અંતર્ગત રૂપિયા ૩ હજાર માસિક સહાય મંજુર કરવામાં આવી છે.

## સાધનો ખરીદશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચેરમેને જણાવ્યુ હતુ કે આ ટેન્ડરો મંજૂર કરતાં પહેલાં સમિતિએ તેની જરૂરિયાત તેમજ ચકાસણી કરી હતી. મિકેનીકલ બ્રાન્ચ દ્વારા આ ટેન્ડરો અંગેની કાર્યવાહી અંગે પણ પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યુ હતુ કે તેમાં સ્પર્ધા જોવા મળી હતી અને ચકાસણીને અંતે જ સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજુ કરવામાં આવ્યા છે.

બે રખડતા પશુઓ પકડવા માટેના પાંજરા, ૧૧ ટ્રેક્ટર, ૪ હાઈડ્રોલીક ટ્રેક્ટર-ટ્રોલી, ૪ નંગ વોટર ટેન્કર, પાંચ નંગ ૪ સીટર મોબાઈલ ટોયલેટ, ૧૫ નંગ ૬ સીટર મોબાઈલ ટોયલેટ ખરીદવામાં આવશે.

આ ઉપરાંત ૨ નંગ ડૉગ કંટ્રોલ વાન ખરીદવામાં આવશે. આ ડૉગ કંટ્રોલ વાન રૂ. ૨૫,૭૪,૧૫૦ ના ખર્ચે ખરીદવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે રખડતા પશુઓની ફરિયાદોમાંથી ઝડપથી મુક્તિ મળે તે માટે પશુઓને લગાવવા ચીપ તેમજ તેના રિડર મશીનની ખરીદી કરવામાં આવશે. આ ટેન્ડરને મંજૂરી આપતાં પહેલાં અન્ય શહેરોમાં આ અંગે થયેલી કાર્યવાહીનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## જોરદાર કૂદકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિફ્ટી ઈન્ડેક્સની વાત કરીએ, તો તે ૧.૮૯ ટકા અથવા ૩૦૮ પોઈન્ટના વધારા સાથે ૧૬,૬૬૧ પર બંધ થયો. બજાર બંધ થયું ત્યારે નિફ્ટીના ૪૫ શેર લીલા નિશાન પર અને ૫ શેર લાલ નિશાન પર હતા. ચીનની સરકાર દ્વારા કોવિડ પ્રતિબંધો હળવા કરવાથી ભારત સહિત વિશ્વભરના શેરબજારો પર મોટી અસર પડી છે. સોમવારે મોટાભાગના એશિયન બજારોમાં ઉછાળો જોવા મળ્યો છે.

## અસંતોષ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યસભાની ટિકિટ આપવામાં આવી છે. ૧૦ ઉમેદવારોમાંથી માત્ર ૩ પી ચિદમ્બરમ, જયરામ રમેશ અને વિવેક ટંખાને પોત પોતાના રાજ્યોમાંથી ટિકિટ આપવામાં આવી હતી. બાકીના ૭ ઉમેદવારો બહારના છે. રાજસ્થાન અને છત્તીસગઢ બંને ચૂંટણી રાજ્યો છે અને આવી સ્થિતિમાં કોંગ્રેસના આ નિર્ણય પર સવાલો ઉઠી રહ્યા છે.

## ચમક

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોવા મળ્યા છે. છેલ્લાં દિવસની વાત કરીએ તો એક્ટ્રેસ એકવાર ફરીથી ભારતીય પહેરવેશ પર પોતાની પસંદગી ઉતારી. તેણે આ માટે સફેદ રંગની સાડી પહેરી હતી, જેમાં તેની સુંદરતા જોવાલાયક હતી. બીટાઉનની ટોપ એક્ટ્રેસે પહેલાં દિવસે સબ્યસાચી મુખરજીની સાડી પહેરી હતી, તો કાન ક્લોઝિંગ માટે તેણે ભારતની પ્રખ્યાત ફેશન ડિઝાઈનર જોડી અબૂ જાની-સંદીપ ખોસલાની કસ્ટમ મેડ ટ્રેડિશનલ સાડી પસંદ કરી હતી. આ આઉટફિટ પારંપરિક હોવા ઉપરાંત તેમાં મોર્ડન ફેશન એલિમેન્ટ્સ એડ કરવામાં આવ્યા હતા.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આમ જોઈએ તો જગતમાં કોઈને પણ મનગમતો મારગ મળતો હોતો નથી. અહીં બધું આકસ્મિક અને ઈશ્વર રચિત જ હોય છે..જે મળે એ આપણું..અન્યનું સેવ અનોખું હોય તો પણ આપણે શા કામનું ?જગતમાં જે કોઈ મહાન માણસો થયા છે એમની અને આપણી વચ્ચે કોઈ મોટા પાયાના તફાવત હોતા નથી..એમની પાસે પણ બે હાથ બે પગ અને એક દિમાગ સાથેનું શરીર હોય છે..આપણી પાસે પણ એ જ વૈભવ છે..એમને પણ અનુકુળ હોય એવું ઘણું મળતું નથી..આપણને પણ ઘણું બધું અણગમતું મળતું રહે છે..ફરક એટલો જ છે કે એવા લોકો શું નથી મળ્યું એની યાદી નથી બનાવતા પણ એમને શું મળ્યું છે એટલી ચીજો કે સંજોગોને એ બરાબર સાચવી રાખે છે.અને એમાંથી જ પોતાને ગમતો રસ્તો કંડારતા રહે છે..માણસ ધારે તો કોઈપણ સંજોગોમાં ગમતી ગતિ પકડી શકે છે પોતાના રસ્તે પોતાની શકિતઓ સાથે સતત ચાલતા રહે એ માણસને કોઈને કોઈ તબક્કે જીવનનો અર્થ પ્રાપ્ત થતો જ રહે છે..મનગમતા મારગ ઉપર મોજીલું ડગલું ભરવું એનું નામ જ સુખ ! આપણે કોઈકને ગમે એવા રસ્તાઓ ઉપર ગાડરિયા પ્રવાહથી જેમ જોડાઈને ખોટી ભીડનો હિસ્સો બનતા રહીએ છીએ..આ રીતે કરેલી રઝળપાટ અંતે તો માણસને હતાશા જ આપતી હોય છે..

આપણે ઘણીવાર કોઈ માણસ માટે સાંભળીએ છીએ કે એમનો તો આગવો અંદાજ છે..કોઈ વ્યકિતને આપણે નોખી દુનિયાના માણસ તરીકે અહોભાવથી નીરખતા રહીએ છીએ..ચીલે ચાલે એ લોકો મૌલિક નથી હોતા..ચીલો ચાતરી નવા મુકામો હાંસલ કરતા લોકોની બોલબાલા થતી રહે છે..આ બાબત ફકત સાહિત્ય કલા સંગીત કે જાહેરજીવન માટે જ નહીં પરંતુ રોજિંદી આપણી જિંદગીને પણ એટલી જ લાગુ પડે છે..આંધી આપત્તિ કે વંટોળની વચ્ચે અડગ બનીને ટકી રહેવું એટલું આસાન નથી હોતું..એમાં બીજાનો સહારો તો એક વધારાનો આધાર હોય છે..ખરેખર આધાર તો આપણો પોતાનો હોય છે..આપસમાન બો નહીં આને મેઘ સમાન જો નહીં એવું કહેવાય છે એ વાતમાં જબરજસ્ત વજૂદ રહેલું છે..કોઈકની તરજ ઉપર ગીત ગાવાની તમારા સત્રની ખૂબીઓ પ્રગટ કરી શકાતી નથી. આપણે આપણા જ લયની ઉપર જિંદગીના ગીતની સજાવટ કરવાની હોય છે.સૂરજ પોતાની રીતે ઉગતો રહે છે..પ્રકાશ રેલાવતો રહે છે..અને એટલી જ સહજતાથી આથમી પણ જાય છે. એના ઉગવામાં એક તરવરાટ છે..એમાં કોઈ અવઢવ નથી. એના ફેલાઈ જવામાં એક સહજ ભાવ છે .એમાં કોઈ મિથ્યા આડંબર હોતો નથી...એના આટોપી જવામાં એક સાર્થકતા હોય છે..ભવ્યતાઓય છે..સંતોષની રેખાઓ હોય છે...માણસે પણ સહજ ખોલવાનું હોય છે.આપબળે જ આગળ વધવાનું હોય છે..અને ચીલાચાલુ રીતે આથમવા કરતાં પોતાની આગવી રીતે આટોપાઈ.જવાનું હોય છે..આંગળી જળમાંથી નિકળે અને એ જગ્યા સહજ રીતે જ જે રીતે ભરાઈ જાય છે એવું જ આપણા જીવનનું પણ હોય છે ..લોક ભલે ગમે તે સમજે આપણી કેડી આપણે છ કંડારવાની છે આપણે જ આપણું લક્ષ્ય શોધી લેવાનું હોય છે. જગતના જે ડાહયા માણસો છે એમની વાતો કે એમનું જીવન આપણને એ દિશામાં સાચો સધિયારો પુરાં પાડતાં રહે છે.

## વિચારયાત્રા

● અનુસંધાન ચોથાનું ચાલુ...

પરપોટાની જેમ ક્ષણભરમાં બેસી જાય છે. ALL is Well ની ધૂન જપે રાખતા આપણે સહું ખરેખર તો ઘણુ બધુ વિચારવા માગતા જ નથી.

જબ તક સૂરજ ચાંદ રહેગા....હમ સબ ઐસે હિ રહેંગે...ના તો આપણને કોઈની ગુલામી કરવાનો વાંધો છે, આપણે જાતે જ બોસની માનસિકતાને અનુકુળ થઈને આપણી માનસિક ક્ષમતા ઓછી કરી નાખીએ છીએ. આપણે જાણીએ છીએ બધું પણ અજાણ્યા હોવાનો ડોળ કરીએ છીએ. કારણ કે આપણા કહેવાતા અસ્તિત્વને રક્ષવા માટે આપણે આપણાથી ઓછી બુદ્ધિક્ષમતા ધરાવતાં પણ માત્ર ઊપરિ હોવાના કારણે તેને તાબે થઈ જઈએ છીએ.

આપણે પરિસ્થિતિઓથી એટલા બધા ગૂંચવાઈ ગયા છીએ કે, જૂઠને જૂઠ તરીકે ઓળખ્યાં પછી પણ બીજાના દોરવાયા સાચાનો અંચળો ઓઢાડી દઈને વિપરિત અનુચિત વાતોને પણ તટસ્થ રીતે મૂલ્યાંકન કરવાનો ડોળ કરીએ છીએ.

હં હં...આના કરતા તો આપણે ત્યાં પણ પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ વધારીને આપણને પીવરાવવામાં આવે તો સારુ,મગજનુ જે થવું હોય તે થાય દાંત તો મજબૂત થશે!!! અને રખેને ક્યારેક કોઈક અન્યાય જોઈએ ત્યારે એ મજબૂત દાંત કચકચાવીને...બે તેણ હંભળાવી દઈએ ને બાપુલિયા....ખરુ કે નહીં......

- jayuoza@gmail.com, Mo.9898046488